## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા બાયો-ફર્ટીલાઇઝર પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ હરોળના નિદર્શન માટેની ખેડૂત તાલીમ તેમજ કીટ વિતરણ કરાયું.

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે તા.૨૫/૦૬/૨૦૧૯ ના રોજ "મકાઈની વૈજ્ઞાનિક ખેતી" અંગે તાલીમનું આયોજન કરેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા અત્રેના કેન્દ્ર દ્વારા એક દિવસિય તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૦ જેટલા ટ્રાઇબલ વિસ્તારના આદિજાતિના ખેડૂતમિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહસંશોધન વૈજ્ઞાનિક ડો.એમ.બી.પટેલ એ મકાઈની મુલ્ય વર્ધિત જાતો અને તેની માહિતી આપી.

ડો.એસ.કે.સિંઘ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પ્લાન્ટ પેથો) દ્વારા મકાઇ પાકમાં આવતા વિવિધ રોગો અને જીવાતોની ઓળખ અને તેના સંકલિત નિયંત્રણ માટે વિસ્તૃતમાં માહિતી આપેલ હતી. તેમજ મકાઇ પાકમાં આવતી નવીન જીવાત લશ્કરી ઇયળ વિષે પણ માહિતગાર કરેલ હતા.

શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈની વૈજ્ઞાનિક અને નફાકારક ખેતી પદ્ધતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી, તેમજ મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા તેનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી.ડી.એમ.રાઠોડે કરેલ હતું અને ખેડૂત મિત્રો ના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતમાં ખેડૂત-મિત્રોને નિદર્શન માટેની કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.





બાયો-ફર્ટીલાઇઝર પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ હરોળના નિદર્શન માટેની ખેડૂત તાલીમ તેમજ કીટ વિતરણ